# જે.એસ.મિલ નો પારસ્પરિક માગનો સિદ્ધાંત

- 1948 માં “Principles of Political Economy” નામના પુસ્તકમાં જે.એસ.મિલે પારસ્પરિક માગનો સિદ્ધાંત રજુ કર્યો.



# ધારણાઓ

- પુર્ણ હરીફાઇ
- પુર્ણ રોજગારી
- મુક્ત વેપાર
- મુક્ત ગતિશીલતા
- બે દેશ, બે વસ્તુ

# મિલ ના સિદ્ધાંત નાં ત્રણ મુદાઓ

- સમતુલામાં વેપારની શરત બન્ને દેશોનો એકસાથે વિચાર કરતાં, વસ્તુનાં ઉત્પાદન ખર્ચ ન્યુનતમ અને મહત્તમ સપાટીની વચ્ચે નક્કી થશે.
- વિનિમયદર (વેપારની શરત) બન્ને દેશોની એકબીજાની વસ્તુઓ માટેની માગ એટલે કે પારસ્પરિક માગના આધારે નક્કી થાય છે.
- સમતુલા ત્યારે જ સ્થપાશે જ્યારે દેશની કુલ નિકાસો,દેશની કુલ આયાતોની ચુકવણી કરી શકે તેટલી હોય. એટલે કે આયાતો અને નિકાસોનું મૂલ્ય સરખું થાય તે સમતુલાની શરત છે.

# ઉદાહરણ દ્વારા સમજૂતી

- ધારો કે બે દેશ A અને B છે.
- બે વસ્તુઓ X અને Y છે.

ત્યારે તુલનાત્મક ખર્ચની સ્થિતિ નીચે મુજબ છે.

| દેશ | X વસ્તુ | Y વસ્તુ |
|---|---|---|
| A | 10 | 10 |
| B | 10 | 20 |

# Conti

- અહીં આંતરિક વિનિમયદર
- A દેશમાં 1X=1Y અને B દેશમાં 1X=2Y છે.
- રિકાર્ડોનાં મતે બે દેશો વચ્ચે આંતરરાસ્ત્રીય વિનિમયદર 1X>1Y અને <2Y ની વચ્ચે હોય તો જ આંતરરાસ્ત્રીય વેપાર થશે. પરંતુ વાસ્તવમાં વિનિમયદર કેટલો હશે તે દર્શાવ્યું નથી. તેનો જવાબ મેળવવા જે.એસ.મિલે પારસ્પરિક માગનો ખ્યાલ આપ્યો છે.

# Conti.

- અહીં મિલની પ્રથમ શરત મુજબ વેપારની શરત માટે X નું ન્યુનત્તમ ખર્ચ 10X=10Y છે અને મહત્તમ ખર્ચ B દેશમાં 10X=20Y છે. વેપારની શરત તે બે વચ્ચેની પારસ્પરિક માગના આધારે નક્કી થશે. પારસ્પરિક માગની સમજુતી મેળવવા માટે નીચેના ટેબલનો અભ્યાસ કરીએ.

| વેપારની શરત | A દેશની અનુસૂચિ | | B દેશની અનુસૂચિ | |
|---|---|---|---|---|
| | Yમાટેની માગ | Xમાટેનો પુરવઠો | Xમાટેની માગ | Yનો પુરવઠો |
| 10X=10Y | (500) | - | 1000 | 1000 |
| 10X=12Y | 600 | 500 | 900 | 1080 |
| 10X=15Y | 900 | 600 | 600 | 900 |
| 10X=18Y | 1800 | 1000 | 400 | 720 |
| 10X=20Y | 2400 | 1200 | (300) | _ |

# તારણો

- જો કોઇ દેશની રીતે વિદેશી ચીજની માગ પોતાના દેશમાં ઓછી હોય તથા માગ મુલ્યસાપેક્ષ હોય અને પોતાની વસ્તુની વિદેશમાં માગ વધુ હોય અને સ્થિર હોય તો તે દેશની રીતે વેપારની શરત અનુકુળ હશે.
- જો કોઇ દેશની રીતે વેદેશી ચીજની માગ પોતાના દેશમાં વધુ અને મુલ્યઅનપેક્ષ હોય અને વિદેશમાં ઓછી અને મુલ્યસાપેક્ષ હોય તો વેપારની શરત પ્રતિફ્ળ હશે.

# Conti.

આમ, પારસ્પરિક માગ ચોક્કસ વેપારની શરત નક્કી કરે છે. સમતુલાની વેપાર શરત ત્યારે જ નક્કી થશે જ્યારે દેશોની વેપારતુલા સમતોલ થઈ રહેશે. જો આયાતમૂલ્ય=નિકાસમૂલ્ય નહિ હોય ત્યાં સુધી વિનિમયદર બદલાશે. છેવટે નવા વિનિમયદરે જ્યાં આયાતમૂલ્ય=નિકાસમૂલ્ય થશે ત્યાં સમતુલાનાં વિનિમયદર હશે.

# સિધ્ધાંતની મર્યાદાઓ

- અવાસ્તવિક ધારણાઓ
- દેખીતું સત્ય
- પ્રતિકૂળ વેપારશરત એટલે ગેરલાભ?
- ખર્ચની ઉપેક્ષા અને માગ પર વધુ પડતું વજન

